Letter No: SJED/0419/12/2023 Dt: 20-12-2023

**Access Coordination Committee ની રચના બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- SJED/GOI/GOI/17/2022/1696/CHH-1 Section
સચિવાલય, ગાંધીનગર.
તા. /૧૨/૨૦૨૩

**આમુખ:-**

The Rights of Persons with Disabilities Act,2016 ની કલમ-૪૨ અંતર્ગત દિવ્યાંગોને માહિતી અને સંચાર ટેકનોલોજીની સુગમ્યતા ઉપલબ્ધ કરાવવા તેમજ કલમ-૪૪ અંતર્ગત સુગમ્યતાનાં ધોરણોનું પાલન ન થતું હોય તેવા બાંધકામને મંજૂરી ન આપવા તેમજ કાર્ય પૂર્ણ થયાનું પ્રમાણપત્ર કે મકાનનો કબજો લેવાની અનુમતિ ન આપવાની જોગવાઈ કરેલ છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ(NHRC) ના દિવ્યાંગ સંબંધિત Core Group ની તા.૧૩/૦૪/૨૦૨૨ ની પ્રથમ બેઠકમાં 'બધા મંત્રાલયો/વિભાગોએ એક્શન પ્લાનના ફોલો-અપ માટે, સંસ્થામાં જાગ્રૃતિ અંગેના કાર્યક્રમો, ટ્રેનિંગ માટે તેમજ તેમના બિલ્ડીંગ, વેબસાઇટ્સ, ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ અન્ય સેવાઓનુ Access Audit વગેરે કામગીરી માટે વરિષ્ઠ અધિકારીની અધ્યક્ષતામાં Access Coordination Committee નિર્માણ કરવા' સંદર્ભે ભલામણ કરેલ.

પ્રસ્તુત બાબતે વિભાગમાં Access Coordination Committee નાં ગઠનની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ:-**

દિવ્યાંગો માટેનાં સુગમ્યતાનાં ધારાધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા નીચે મુજબની Access Coordination Committee ની રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) | અધ્યક્ષશ્રી |
| ૨ | કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાં | સભ્ય |
| ૩ | નાયબ સચિવશ્રી, સમાજ સુરક્ષા | સભ્ય સચિવશ્રી |
| ૪ | નાયબ સચિવશ્રી, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ | સભ્ય |
| ૫ | નાયબ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ | સભ્ય |
| ૬ | નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |
| ૭ | નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ | |
| ૮ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા | |

**Access Coordination Committee નાં કાર્યો નીચે મુજબ રહેશે.**

(૧) RPwD Act,2016 ની કલમ-૪૨ મુજબ વિભાગ તેમજ વિભાગ હસ્તકની કચેરીઓમાં દિવ્યાંગજનો માટે માહિતી અને સંચાર ટેકનોલોજીની સુગમ્યતાનાં ધોરણોનું પાલન કરાવવાનું રહેશે.

(૨) RPwD Act,2016 ની કલમ-૪૪ મુજબ વિભાગ તેમજ વિભાગ હસ્તકની કચેરીઓની ઈમારતોનો દિવ્યાંગજનો સરળતાથી ઉપયોગ કરી શકે તે હેતુસર બાંધકામમાં સુગમ્યતાનાં ધારાધોરણોનું પાલન કરાવવાનું રહેશે.

**બેઠક**

Access Coordination Committee ની બેઠક વાર્ષિક અથવા જરૂર જણાયે આયોજિત કરવામાં આવશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

eSign
Signed by: GAMETI PRAMESH MAGANBHAI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Dec-2023 (05:46 PM)

(પ્રમેશ ગામેતી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીનાં અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફતે)

Letter No: SJED/0419/12/2023   Dt: 20-12-2023

- માન.મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) નાં રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા/ અનુસૂચિત જાતિ કલ્યાણ/ વિકસતી જાતિ કલ્યાણ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગને વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.